ભાસ્કર એનાલિસિસ અત્યાર સુધી આ વખતે માત્ર ચાર ગોલ્ડ મેડલ, શૂટિંગ અને એથ્લેટિક્સમાં સૌથી મોટો ફટકો; પાછલા પ્રદર્શનની બરાબરી કરવી પણ મુશ્કેલ લાગી રહી છે

‘સુવર્ણ’ સંકટ: શરૂઆતના 10 દિવસમાં 73% ગોલ્ડ ઓછા જીત્યા; 15 ઈવેન્ટમાં બચાવી શક્યા નહીં

ભાસ્કર ન્યૂઝ | નવી દિલ્હી

એશિયન ગેમ્સમાં ભારતનો પડકાર આ વખતે માત્ર મેડલ જીતવાનો જ નથી, પરંતુ છેલ્લી ગેમ્સમાં જીતેલા ગોલ્ડને બચાવવાનો પણ છે. 2023ની ગેમ્સમાં ભારતે રેકોર્ડ 28 ગોલ્ડ જીત્યા હતા. પરંતુ 2026 ગેમ્સમાં 28 સપ્ટેમ્બર સુધી ભારતના ખાતામાં માત્ર 4 ગોલ્ડ આવ્યા છે. જેમાં મહિલા ક્રિકેટ, પુરુષ કબડ્ડી, મહિલા કબડ્ડી અને શૂટિંગમાં 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ગોલ્ડનો સામેલ છે. આમાંથી પ્રથમ ત્રણ ઈવેન્ટમાં ભારતે પોતાનું અગાઉનું ટાઈટલ બચાવ્યું છે. એટલે કે, ભારતીય ખેલાડીઓ પાછલી ગેમ્સમાં જીતેલા 28 ગોલ્ડમાંથી 15ને બચાવવામાં નિષ્ફળ રહ્યા છે.

મોટો તફાવત: 2023 એશિયાડમાં 10 દિવસમાં 15 ગોલ્ડ મળ્યા હતા

■ભારતના પ્રદર્શનમાં ઘટાડાને સમજવા માટે શરૂઆતના 10 દિવસના આંકડા સૌથી મહત્વના છે. ગત વખતે ભારતે 28માંથી 15 ગોલ્ડ શરૂઆતના 10 દિવસમાં જ જીતી લીધા હતા. આમાં શૂટિંગના 7, એથ્લેટિક્સના 4, ક્રિકેટ, ઘોડેસવારી, ટેનિસ અને સ્ક્વોશના એક-એક ગોલ્ડ સામેલ હતા. આ વખતે શરૂઆતના 10 દિવસમાં માત્ર 4 ગોલ્ડ મળ્યા છે. એટલે કે ગત ગેમ્સની સરખામણીમાં આ જ સમયગાળામાં ગોલ્ડમાં લગભગ 73%નો ઘટાડો થયો છે.

નિરાશા: ભારતીય ખેલાડીઓ શૂટિંગમાં 6 અને એથ્લેટિક્સમાં 5 ગોલ્ડ બચાવી શક્યા નહીં

■2023ના 28 ગોલ્ડમાં શૂટિંગના 7 ગોલ્ડ હતા, પરંતુ આ વખતે શૂટિંગમાં 6 ગોલ્ડ બચાવી શકાયા નથી. મહિલા 10 મીટર એર પિસ્તોલ, મહિલા 50 મીટર રાઈફલ 3 પોઝિશન, પુરુષ 50 મીટર રાઈફલ 3 પોઝિશન, પુરુષ 10 મીટર એર રાઈફલ ટીમ, પુરુષ 10 મીટર એર પિસ્તોલ ટીમ અને મહિલા 25 મીટર પિસ્તોલ ટીમના ગોલ્ડ હવે ખાતામાં નથી. ■ એથ્લેટિક્સમાં તજિન્દરપાલ સિંહ શોટપુટમાં ગોલ્ડ બચાવી શક્યો નહીં અને તેને સિલ્વર મળ્યો. ભારતે ગત વખતે 5000 મીટર મહિલા, જેવલિન થ્રો, 3000 મીટર મહિલા ગોલ્ડ જીત્યા હતા, પરંતુ આ વખતે તે નથી મળ્યા. કમ્પાઉન્ડ આર્ચરી વ્યક્તિગતમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન જ્યોતિ સુરેખા અંતિમ-8માં હારી ગઈ.

બેડમિન્ટન મેન્સ ડબલ્સ અને ઘોડેસવારીની ટીમ ડ્રેસાજમાં પણ ભારત પોતાનો ગોલ્ડ બચાવી શક્યું નથી. સ્ક્વોશના મિક્સ્ડ ડબલ્સમાં પણ અગાઉના વિજેતાઓ આ વખતે ટાઈટલ જાળવી શક્યા ન હતા.

અપેક્ષા: અગાઉની ગેમ્સની ગોલ્ડવાળી ઈવેન્ટ્સ બાકી, હોકી અને પુરુષ ક્રિકેટમાં દાવેદારી મજબૂત

પાછલી ગેમ્સના ગોલ્ડ મેડલવાળી 13 ઈવેન્ટ્સ હજુ બાકી છે. જેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ક્રિકેટ ટીમ અને હોકી ટીમનો ગોલ્ડનો દાવો સૌથી મજબૂત છે. જ્યારે, એથ્લેટિક્સમાં પુરુષ 4x400 મીટર રિલેમાં ભારતીય ટુકડી પોતાનો ગોલ્ડ બચાવવા ઉતરશે. આર્ચરીમાં મિક્સ્ડ ટીમ કમ્પાઉન્ડ, મહિલા અને પુરુષ ટીમ કમ્પાઉન્ડ અને બંને વ્યક્તિગત કમ્પાઉન્ડ ઈવેન્ટ્સ પણ બાકી છે. પાછલી ગેમ્સમાં ભારતે કમ્પાઉન્ડના પાંચેય ગોલ્ડ પોતાના નામે કર્યા હતા. આ 13માંથી ભારત જેટલા વધુ ગોલ્ડ બચાવશે, પાછલી ગેમ્સની સરખામણીમાં મેડલના ઘટાડાને એટલો જ ઓછો કરી શકશે.

28 ગોલ્ડની બરાબરી શક્ય નથી!

હાંગઝોઉમાં ભારતનું 107 મેડલ સુધી પહોંચવું માત્ર મોટી સંખ્યામાં ખેલાડીઓની ભાગીદારીનું પરિણામ નહોતું. શૂટિંગ અને એથ્લેટિક્સ જેવી રમતોએ ગોલ્ડમાં મોટો હિસ્સો હતો, પરંતુ આ વખતે આ જ રમતોમાં અગાઉના વિજેતાઓ ગોલ્ડ બચાવી શક્યા નથી. હાલમાં ભારતે કબડ્ડી અને મહિલા ક્રિકેટમાં પોતાના જૂના ગોલ્ડ બચાવીને આશા જીવંત રાખી છે. પરંતુ 2023ના 28 ગોલ્ડની બરાબરી હવે શક્ય જણાતી નથી. બાકીની ગોલ્ડ ઈવેન્ટ્સ એટલા માટે મહત્વની છે કારણ કે અહીં ભારત માત્ર નવા મેડલ નહીં, પરંતુ ગત વખતની પોતાની સફળતાનો બચેલો હિસ્સો બચાવવા મેદાનમાં ઉતરી રહ્યું છે. આ એશિયન ગેમ્સમાં ભારત માટે સાચો સવાલ એ છે કે પાછલી ગેમ્સના 28 ગોલ્ડમાંથી કેટલા ભારત પોતાની પાસે રાખી શકે છે.

આ શૂટરે એશિયન ગેમ્સમાં 2 સિલ્વર મેડલ જીત્યા

ગુજરાતની ઈલાવેનિલ વાલારિવનને રૂ. 1.33 કરોડનો ખેલપ્રતિભા પુરસ્કાર

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

જાપાનના આઈચી નાગોયામાં ચાલી રહેલી 20મી એશિયન ગેમ્સમાં ભારત માટે શૂટિંગમાં બે સિલ્વર મેડલ જીતનાર અમદાવાદની ઈલાવેનિલ વાલારિવનને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે 1.33 કરોડનો ખેલપ્રતિભા પુરસ્કાર એનાયત કરાયો હતો. ઈલાવેનિલે આ

એશિયન ગેમ્સમાં પ્રથમ મેડલ જીતીને ભારતનું ખાતું ખોલાવ્યું હતું. તેમણે 10 મીટર એર રાઈફલ વ્યક્તિગત અને ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેળવ્યો છે.

સુડોકુ-6169

			8				9	
	7	5						
				2				1
		7			5			6
2	4				6	7		
				1				
1			3				4	
3			1	9	8			
							6	

સુડોકુ-6168

1	3	6	4	5	7	2	8	9
4	9	8	2	6	3	7	1	5
2	7	5	1	8	9	4	3	6
9	5	2	8	4	1	6	7	3
3	1	4	6	7	5	8	9	2
6	8	7	9	3	2	1	5	4
8	2	1	3	9	4	5	6	7
5	4	3	7	1	6	9	2	8
7	6	9	5	2	8	3	4	1

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રેમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મુકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

ક્રોસવર્ડ-7890 | હેમંત પી. પટેલ

આડી ચાવી
1. એક કહેવત (9)
7. સોના કે ચાંદીનું સાવ પાતળું પતરું (3)
8. વનસ્પતિમાંથી દૂઝતો ચીકણો રસ (2)
9. કફી ચીજથી ચડતો કેફ (2)
11. હંસ (3)
13. નુકસાન, ચૂક (2)
15 ફિટકાર (3)
17. એક રકમ (2)
18. ઘોડેસવાર યોદ્ધો (3)
19. શેરડીનું ખેતર (2)
20. સેના (2)
21. એક માદા પક્ષી (2)
22. મૂંગું (2)
23. એક રાશિ (3)
25. માટી કે ધાતુનો ગોળ પોલો લાંબો ઘાટ (2)
26. દાનવોના શિલ્પી (2)
28. નકામું, રદ્દી (2)
30. બૌદ્ધ કે જૈન સાધુ (4)
31. મીઠું, સબરસ (3)

ઊભી ચાવી
1. નવલાખની કિંમતનું (4)
2. જે બોલે તેના જ વેચાય(2)
3. રામના ભાઈ (3)
4. ખાટલી, નાનો માંચો (2)
5. સેતુ બાંધનારો રામની સેનાનો એક વાનર નાયક (2)
6. ગુજારો, નિર્વાહ (4)
10. ખોળેલું, શોધેલું (3)
12. ભાંગે નહીં પણ વળે એવું (4)
14. જમીન દોસ્ત, ખેદાન મેદાન (3)
16. મોકલેલું, વિદાય કરેલું (3)
20. સુગંધ, સુવાસ (3)
21. માળાની શરૂઆતનો મણકો (2)
22. અસલ, પહેલાનું (2)
24. "પ્રભુ સૌનું ...... કરો." (3)
25. મૂળ ઉત્પત્તિસ્થળ (3)
27. એક દેવયોનિ (2)
29. ભીંડીની જાતનો એક છોડ (2)

જવાબ ક્રોસવર્ડ 7889

એશિયન ગેમ્સ • બોક્સર લવલીના, પ્રિયા અને કપિલ સેમિફાઈનલમાં પહોંચ્યા; ભારતના છ મેડલ પાક્કા

લવલીના સતત બીજો મેડલ લાવશે

ગત ગેમ્સમાં ભારતને ચાર મેડલ મળ્યા હતા

ભાસ્કર ન્યૂઝ | નાગોયા

ભારતની સ્ટાર બોક્સર લવલીના બોરગોહાઈએ એશિયન ગેમ્સમાં સતત બીજો મેડલ પાક્કો કરી લીધો છે. તેણે 75 કિગ્રા વર્ગની ક્વાર્ટર ફાઈનલમાં દ. કોરિયાની સેઓંગ સુયોનને 5-0 થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. લવલીનાએ 2023 ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. સેમિફાઈનલમાં તેનો સામનો કઝાકિસ્તાનની વર્તમાન 70 કિગ્રા વર્લ્ડ ચેમ્પિયન નતાલ્યા બોગદાનોવા સામે થશે.

વળી, કોમનવેલ્થ ગેમ્સની ચેમ્પિયન પ્રિયા ઘંઘાસે 60 કિગ્રા વર્ગમાં તાજિકિસ્તાનની મિજગોના સમાદોવાને હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો. પ્રિયા પહેલા રાઉન્ડમાં ત્રણ જજોના સ્કોરકાર્ડ પર પાછળ હતી. ત્યારબાદ તેણે સીધા પંચ લગાવ્યા, રિંગના સેન્ટર પર કબજો જમાવ્યો અને સતત કોમ્બિનેશનથી મુકાબલાની દિશા બદલી નાખી. પુરુષોના 90 કિગ્રા વર્ગમાં કપિલ પોખરિયાએ પણ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો. આ સાથે ભારતના 6 બોક્સર મેડલ પાક્કા કરી ચૂક્યા છે. આનાથી ભારતે પાછલી એશિયન ગેમ્સના ચાર બોક્સિંગ મેડલને પાછળ છોડી દીધા છે. પરવીન હુડા (65 કિગ્રા), અંકુશ પંઘાલ (80 કિગ્રા) અને નરેન્દર બેરવાલ (+90 કિગ્રા) પણ મેડલ નિશ્ચિત કરી ચૂક્યા છે.

હોકી: ભારતે બાંગ્લાદેશને 10-0 થી હરાવ્યું, સતત પાંચમી જીત

પુરુષ હોકીની પોતાની અંતિમ પૂલ મેચમાં ભારતે બાંગ્લાદેશને 10-0 થી હાર આપી. પહેલા જ સેમિફાઈનલમાં પહોંચી ચૂકેલી ભારતીય ટીમે પૂલ એ માં પોતાની તમામ પાંચ મેચ જીતીને ટોચનું સ્થાન મેળવ્યું. હવે એક ઓક્ટોબરે પહેલી સેમિફાઈનલમાં ભારતની ટક્કર પાકિસ્તાનથી થશે. વળી, બીજી સેમિફાઈનલમાં મલેશિયાની ટક્કર દ. કોરિયા સાથે થશે.

સ્પોર્ટ્સ બ્રિફ

ફૂટબોલ: ગ્રીસ સામે પહેલી વખત જર્મનીની ટીમ હારી

ઓગ્સબર્ગ (જર્મની) | નેશન્સ લીગ ફૂટબોલમાં જર્મનીએ ગ્રીસના હાથે 0-1 થી અપસેટનો શિકાર થવું પડ્યું. દિમિત્રિયોસ કોર્બેલિસે 74મી મિનિટમાં નિર્ણાયક ગોલ ફટકાર્યો. 41મું રેન્કિંગ ધરાવતા ગ્રીસની 12મું રેન્કિંગ ધરાવતા જર્મની પર 11 મેચમાં આ પહેલી ઐતિહાસિક જીત રહી.

MLS: મેસ્સીના ગોલ છતાં ઈન્ટર મિયામીને હાર મળી

મિયામી | અમેરિકાની મેજર લીગ સોકર (એમએલએસ)માં કોલંબસ ક્રૂએ ઈન્ટર મિયામીને 2-1થી હરાવી દીધું. કોલંબસ માટે પહેલો ગોલ જોસેફ માર્ટિનેઝે પેનલ્ટી પર ફટકાર્યો હતો. આ પછી 33મી મિનિટમાં 39 વર્ષીય લિયોનેલ મેસ્સીએ શાનદાર ફ્રી-કિકથી મિયામીને 1-1 ની બરાબરી અપાવી હતી.

ભારત-ઓસ્ટ્રેલિયા યુથ ટેસ્ટ

લક્ષ્યએ માત્ર 4 ઈનિંગ્સમાં બીજી બેવડી સદી ફટકારી

રાજકોટ | ઈન્ડિયા અંડર-19ના 17 વર્ષીય ઉપ કપ્તાન લક્ષ્ય રાયચંદાનીએ ઓસ્ટ્રેલિયા અંડર-19 સામેની પ્રથમ યુથ ટેસ્ટમાં બેવડી સદી ફટકારી. તેણે બીજા દિવસે 256 બોલમાં 20 ચોગ્ગા અને 4 છગ્ગાની મદદથી અણનમ 210 રનની ઈનિંગ રમી. યુથ ટેસ્ટની ચાર ઈનિંગ્સમાં આ લક્ષ્યની ત્રીજી સદી અને બીજી બેવડી સદી રહી. તેની આ ઈનિંગની મદદથી ટીમ ઈન્ડિયાએ દિવસની રમત પૂરી થવા સુધી 430/8નો સ્કોર બનાવીને 213 રનની લીડ મેળવી લીધી. લક્ષ્ય પછી 10મા નંબરના લોકલ બેટર મોહિત ઉલ્વા (58*) ટીમનો બીજો ટોપ સ્કોરર રહ્યો.

ક્રિકેટ • ટેસ્ટ માટે 18 સભ્યની પ્રારંભિક સ્ક્વોડ જાહેર

દ.આફ્રિકન પેસર નોર્કિયા સાડા ત્રણ વર્ષ પછી ટેસ્ટમાં કમબેક કરી શકે છે

ભાસ્કર ન્યૂઝ | જોહાનિસબર્ગ

દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર એનરિક નોર્કિયાનું ઓસ્ટ્રેલિયા સામેની આગામી ટેસ્ટ સિરીઝ માટે ટીમમાં કમબેક થઈ શકે છે. નોર્કિયાએ માર્ચ 2023 બાદ કોઈ ટેસ્ટ કે ફર્સ્ટ ક્લાસ મેચ રમી નથી. પરંતુ ફાસ્ટ બોલરોની ઈજાઓ સામે ઝઝૂમી રહેલી આફ્રિકન ટીમ તેને રેડ-બોલ ક્રિકેટમાં ફરીથી ઉતારી શકે છે.



રબાડાની ફિટનેસ પર શંકા; લુંગી એનગિડી પણ બહાર

પેસર કગિસો રબાડાના રમવા પર શંકા છે. હેમસ્ટ્રિંગની ઈજા સામે ઝઝૂમી રહેલા રબાડાની ફિટનેસનું આકલન 1 ઓક્ટોબરથી ડરબનમાં લાગનારા કેમ્પ દરમિયાન થશે. એનગિડી અને ક્વેના મફાકા ઈજામાંથી ઉભરી શક્યા નથી. ખરેખર, આફ્રિકાએ 18 સભ્યની ટીમની જાહેરાત કરી છે, જેમાં નોર્કિયા સહિત કુલ 7 ફાસ્ટ બોલરને જગ્યા મળી છે.

જોશ બટલર હેમસ્ટ્રિંગ ઈજાના કારણે પાક. પ્રવાસથી બહાર

ભાસ્કર ન્યૂઝ | લંડન

ઈંગ્લેન્ડનો વિકેટકીપર-બેટર જોસ બટલર હેમસ્ટ્રિંગની ઈજાના કારણે આવતા મહિને પાકિસ્તાનમાં યોજાનારી વન-ડે ટ્રાઈ-સિરીઝમાંથી બહાર થઈ ગયો છે.

તેને શ્રીલંકા સામે રમાયેલી બીજી વન-ડેમાં બેટિંગ દરમિયાન ઈજા થઈ હતી. બટલરની ગેરહાજરીમાં યુવા જોર્ડન કોક્સને વિકેટકીપર તરીકે પોતાની જગ્યા પાક્કી કરવાની લાંબી તક મળશે.

GUJARAT ENGERGY TRANSMISSION CORPORATION LIMITED
GETCO
પ્રવહન વિભાગીય કચેરી, જસદણ-૩૬૦૦૫૦
"વિજ પુરવઠો બંધ રહેવાની નોટીસ"
જેટકો ના નિમ્નલિખિત સબ-સ્ટેશન માંથી વિજપુરવઠો મેળવતા ગ્રાહકો ને જણાવવાનું કે નિમ્નલિખિત તારીખ અને સમયે સબ-સ્ટેશન ના સાધનો નું અગત્યનું સમારકામ કરવાનું હોવાથી નિમ્નલિખિત સબ-સ્ટેશન માંથી નીકળતા ૧૧કેવી ફીડરો ને વીજ પુરવઠો મળી શકશે નહી. કામ વહેલું પૂરું થયે કોઇપણ પ્રકારની જાણ કર્યા વગર વિજપુરવઠો પુન:સ્થાપિત કરવામાં આવશે.

ક્રમ	સબ-સ્ટેશન નું નામ	વિજપુરવઠો બંધ રહેવાની તારીખ અને સમય		
		તારીખ	વાર	સમય
૧	૬૬ કેવી ફાળદંગ એસ એસ	૩૦/૦૯/૨૦૨૬	બુધવાર	૦૭:૩૦ થી ૧૩:૩૦

"વિજ પુરવઠો બંધ રહેવાની નોટીસ"
જેટકો ના નિમ્નલિખિત સબ-સ્ટેશન માંથી વિજપુરવઠો મેળવતા ગ્રાહકો ને જણાવવાનું કે નિમ્નલિખિત તારીખ અને સમયે ૬૬ કેવી મોટા દડવા રામોદ લાઇન કન્ડકટર (તાર) બદલવાનું કામ હોવાથી નિમ્નલિખિત સબ-સ્ટેશન માંથી નીકળતા ૧૧કેવી ફીડરો ને વીજ પુરવઠો મળી શકશે નહી. કામ વહેલું પૂરુ થયે કોઇપણ પ્રકારની જાણ કર્યા વગર વિજપુરવઠો પુન:સ્થાપિત કરવામાં આવશે.

ક્રમ	સબ-સ્ટેશન નું નામ	વિજપુરવઠો બંધ રહેવાની તારીખ અને સમય		
		તારીખ	વાર	સમય
૧	૬૬ કેવી મોટાદડવા સબસ્ટેશનથી નીકળતા ૧૧ કેવી ખારચીયા-હનુમાન જેજીવાય, ૧૧ કેવી ખોડિયાર એજી, ૧૧ કેવી ભાદર એજી અને ૧૧ કેવી જસાપર એજી	૩૦/૦૯/૨૦૨૬	બુધવાર	૦૮:૦૦ થી ૧૬:૦૦
૨	૬૬ કેવી મોટાદડવા સબસ્ટેશનથી નીકળતા ૧૧ કેવી મુરલીધર એજી	૦૨/૧૦/૨૦૨૬	શુક્રવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૩	૬૬ કેવી મોટાદડવા સબસ્ટેશનથી નીકળતા ૧૧ કેવી મુરલીધર એજી, ૧૧ કેવી કરમાળ એજી	૦૩/૧૦/૨૦૨૬	શનિવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૪	૬૬ કેવી મોટાદડવા સબસ્ટેશનથી નીકળતા ૧૧ કેવી કરમાળ એજી	૦૪/૧૦/૨૦૨૬	રવિવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦

કાર્યપાલક ઇજનેર (પ્રવહન), જસદણ

बैंक ऑफ़ इंडिया Bank of India BOI
બેંક ઓફ ઈન્ડિયા - એસેટ રીકવરી બ્રાન્ચ રાજકોટ :
બીજો માળ, રાજકોટ મેઈન બ્રાંચ બિલ્ડીંગ, પરા બજાર, એમ.જી. રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧
મો. ૭૮૭૫૮ ૩૫૪૫૪/૯૦૩૩૬ ૫૭૭૩૯.
E-mail : ARB.RAJKOT@bankofindia.bank.in
સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ, ૨૦૦૨ ના અધિનિયમ ૬ (૨) તથા ૮ (૬) ના વેચાણ હેઠળની સ્થાયી અને અસ્થાયી મિલકતની વેચાણ નોટિસ

ઈ-હરાજી વેચાણ નોટિસ તારીખ : ૩૦.૧૦.૨૦૨૬
"જેમ છે જ્યાં છે", "જેમ છે તેમ છે" અને "જેમ છે ત્યાં છે" ના આધાર હેઠળ

આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને વિશેષથી ઉધારકર્તા (ઓ), મોર્ગેજર (રો) અને જામીનકર્તાઓને જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ (સ્થાયી અને અસ્થાયી મિલકતો) જે બેંક ઓફ ઈન્ડિયા (સિક્યોર્ડ ક્રેડીટર) માં મોર્ગેજ/ હાઈપોથીકેટેડ/ ચાર્જડ/ ગીરવે મુકેલ છે. જેનો કન્સ્ટ્રક્ટીવ/ પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયાના (સિક્યોર્ડ ક્રેડીટર) અધિકૃત અધિકારી દ્વારા લઈ લીધેલ છે જેનું "જ્યાં છે", "જેમ છે" અને "જે રીતે છે" ની પરિસ્થિતિમાં તા. ૩૦.૧૦.૨૦૨૬ ના રોજ હરાજી કરવામાં આવશે.

અગત્યની તારીખો : મિલકતની નિરીક્ષણની તારીખ અને સમય : ૨૨.૧૦.૨૦૨૬ અને ૨૩.૧૦.૨૦૨૬ (સવારે ૧૧ થી બપોરે ૨ સુધી)
ઈ.એમ.ડી. રજૂ કરવાની છેલ્લી તારીખ : ૩૦.૧૦.૨૦૨૬ સાંજે ૪.૫૦ સુધી
બીડ જમા કરવાની છેલ્લી તારીખ : ૩૦.૧૦.૨૦૨૬ સાંજે ૫.૦૦ સુધી
ઈ-હરાજીની તારીખ અને સમય : ૩૦.૧૦.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (૫ મીનીટના ઓટો એક્ષટેંશન સાથે)

ક્રમ નં.	ઉધારકર્તા, પ્રોપરાઈટર અને જામીનદારનાં નામ	Property Id	સ્થાયી અને અસ્થાયી મિલકતોનું વિગતવાર વર્ણન	અનામત કિંમત (રૂા. લાખમાં)	ઈએમડી (રૂા. લાખમાં)	કબજાનો પ્રકાર	૧૩(૨) હેઠળ નોટીસની તારીખ અને નોટીસ મુજબની રકમ	લાભાર્થી શાખાના નામ, સરનામું તથા સંપર્ક નંબર અને એકાઉન્ટ નંબર IFSC કોડ સાથે
૧	ઉધારકર્તા : મે. તુલસી મેટલ પ્રોપરાઈટરશીપ: (૧) શ્રી વિશાલ શાંતિલાલ ચોવટીયા	BKID150	ઔદ્યોગિક જમીન, શેડ અને આનુષંગિક સિવિલ બાંધકામ : જે પ્લોટ નં. ૧૪, અણીયાળા રે.સ. નં. ૪૦ પી ૨, ડી. કે. ઈન્ડસ્ટ્રીયલ, અણિયાળા બસ સ્ટેન્ડ સામે, ભાવનગર હાઈવે રોડ, ગામ અણિયાળા, તા. અને જી. રાજકોટ- ૩૬૦૦૨૦ ખાતે સ્થિત છે. વિસ્તાર : ૩૮૯.૫૨ સ્કે. મીટર્સ ચર્તુસિમા : ઉત્તર : રસ્તો, દક્ષિણ : રે.સ. નં. ૩૮ પૈકી ૧ ખેતીની જમીન, પૂર્વ : પ્લોટ નં. ૧૩, પશ્ચિમ: રસ્તો	૩૮.૭૩	૩.૮૭	પ્રત્યક્ષ	નોટિસ તારીખ : ૩૧.૦૫.૨૦૨૩ નોટિસ મુજબની રકમ : રૂા. ૪૭,૪૭,૦૦૦.૦૦ + ત્યારપછીના લાગુ વ્યાજ અને અન્ય ખર્ચાઓ બાદ રીકવરી	બેન્ક ઓફ ઈન્ડિયા, ARB રાજકોટ શાખા, જી. રાજકોટ, પીન-૩૬૦ ૦૦૧ એકાઉન્ટ નં. ૩૧૩૬૯૦૨૦૦૦૦૦૦૩૩ IFSC Code : BKID0003136, એકાઉન્ટ નામ : Intermediary Inward Outward મો. ૭૮૭૫૮ ૩૫૪૫૪

મહત્વપૂર્ણ મુદ્દાઓ :
✓ જો બોલી લગાવનાર અનામત કિંમત કરતા વધુ બોલી લગાવે તો જ બોલી સ્વીકારવામાં આવશે.
✓ ૫૦ લાખથી વધુ કિંમતથી મિલકત પર ૧% TDS લાગુ પડે છે. આવકવેરા કાયદાની કલમ ૧૯૪-IA હેઠળ લાગુ પડતા ૧% ના દરે TDS ચૂકવવાની જવાબદારી સફળ બોલી લગાવનારની રહેશે.
✓ સફળ બોલી લગાવનાર વ્યક્તિએ તેમની બોલી કિંમતના ૨૫% (પહેલાથી ચૂકવેલા ઈએમડી ઓછા) સાથે તૈયાર રહેવું જોઈએ અને તે હરાજી બંધ થતાં અથવા આગામી કાર્યકારી દિવસ સુધીમાં બેંકમાં જમા કરાવવાનું રહેશે.
✓ હરાજી બંધ થવાના ૧૫માં (પંદરમા) દિવસ પહેલા બિડ રકમની ૭૫% રકમ બેંકમાં જમા કરાવવાની રહેશે.
✓ ઉપરોક્ત નિર્ધારિત સમયગાળામાં કોઈપણ ડિફોલ્ટરને ડિફોલ્ટ ગણવામાં આવશે અને હરાજી રદ કરવામાં આવશે. બિડર દ્વારા જમા કરાવેલ રકમ અને ઈએમડી જપ્ત કરવામાં આવશે અને કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી. મિલકત ફરીથી વેચવામાં આવશે.
✓ બિડરના નામે સુરક્ષિત સંપત્તિની ખરીદી અને ટ્રાન્સફર સંબંધિત કોઈપણ આકસ્મિક ખર્ચ સફળ બિડર દ્વારા ભોગવવામાં આવશે.
✓ વેચાણ પ્રમાણપત્ર ફક્ત રજિસ્ટર્ડ સફળ બોલી લગાવનારના નામે જ જારી કરવામાં આવશે.
✓ બેંક કોઈપણ સમયે હરાજી અથવા બોલી રદ કરવાનો અધિકાર અનામત રાખે છે.
✓ બોલી ફક્ત ઓનલાઈન સ્વીકારવામાં આવશે. રસ ધરાવતા પક્ષો www.baanknet.com પર નોંધણી કરાવી શકે છે અથવા સંબંધિત શાખાની મુલાકાત લઈ શકે છે.
✓ નિયમો અને શરતો માટે, કૃપા કરીને www.bankofindia.com અથવા www.baanknet.com ની મુલાકાત લો.

આ જાહેર નોટીસને સરફેસી એક્ટ હેઠળ ઉધારકર્તા/ જામીનદાર/ મોર્ગેજરને ૩૦ દિવસીય કાયદાકીય હરાજીની નોટીસ તરીકે પણ ધ્યાનમાં લેવી જોઈએ
તારીખ : ૨૯.૦૯.૨૦૨૬, સ્થળ : રાજકોટ
(તા. ૨૯.૦૯.૨૦૨૬ ના રોજ બીઝનેશ સ્ટાન્ડર્ડ - અંગ્રેજી અખબારમાં આ નોટિસનું અંગ્રેજી અનુવાદ પ્રસિદ્ધ કરવામાં આવશે)
(આ હરાજી નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ મુજબ માન્ય ગણાશે)
અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા

પ્રકાશક શરદ માથુર અને મુદ્રક પૃથ્વીશ દાસ દ્વારા માલિક મેસર્સ ડી.બી. કોર્પ લિમિટેડ માટે, જી-1304, જી.આઈ.ડી.સી. ઈન્ડ. એરિયા, મેટોડા, રાજકોટ અને સાથે જ પ્લોટ નં.106, જી.આઈ.ડી.સી.-1, જેતપુર રોડ, જૂનાગઢ (ગુજરાત)થી મુદ્રિત અને પ્લોટ નં.11, જાસલ કોમ્પ્લેક્સ, 5મો માળ, નાણાવટી ચોક, 150 ફૂટ રિંગ રોડ, રાજકોટ-360 005થી પ્રકાશિત.
તંત્રી (ગુજરાત) : દેવેન્દ્ર ભટનાગર, કાર્યકારી સંપાદક - મહેન્દ્રસિંહ જાડેજા *સમાચાર પસંદગી માટે પી.આર.પી. એક્ટ હેઠળ જવાબદાર, RNI NO.GUJGUJ/2005/15322| ફોન : 079-49088888, Email- divya_bhaskar@dbcorp.in